# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ અને બેંક ઓફ બરોડા, સોજીત્રાના સંયુક્ત ઉપક્રમે કિસાન પખવાડા ઉજવણી અંતર્ગત કિસાન દિવસ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,આ.કૃ.યુ., દેવાતજ ખાતે બેંક ઓફ બરોડા, સોજીત્રાના સંયુક્ત ઉપક્રમે "બરોડા કિસાન પખવાડા અંતર્ગત" તારીખ ૦૮.૧૦.૨૦૨૦ ને ગુરુવારના રોજ કિસાન દિવસ યોજાયો જેમાં ૪૧ ખેડુતો, ખેડુત બહેનો તેમજ વૈજ્ઞાનિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સદર કાર્યક્રમમાં શ્રી અભિષેક જયસ્વાલ, મેનેજર (લીગલ), રીજનલ ઓફીસ, આણંદ તથા કુમારી. સસ્મિતા બારીક, સીનીયર બ્રાંચ મેનેજર, બેંક ઓફ બરોડા, સોજીત્રા અને શ્રી લાભેશભાઇ શાસ્ત્રી, સરપંચશ્રી, દેવાતજ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. જી.જી. પટેલ દ્વારા મહેમાનશ્રીઓનું તથા ખેડૂત ભાઇઓ તથા બહેનોનું શાબ્દીક સ્વાગત કર્યા બાદ જમીન આરોગ્યનું મહત્વ તથા જમીનનું પૃથ્થકરણ અને પરિણામો પરત્વે લેવાના થતા પગલાં વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી. કેન્દ્રના વૈજ્ઞાનિક (પશુ પાલન), ડૉ. શ્રીકાંત કાટોલે એ હાલમાં પ્રસિધ્ધ થયેલ ત્રણ કૃષિ બીલ ૨૦૨૦ વિશે સમજ આપી હતી.

કાર્યક્રમના અંતે ડૉ. આર.એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) એ ઉપસ્થિત મહેમાનો તથા ખેડુતોનો આભાર વ્યક્ત કરી પુર્ણ કરેલ. સમગ્ર કાર્યક્રમનુ સુચારુ સંચાલન ડૉ. આર.એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) તથા શ્રી મોહિત ચોલે, આસી. બ્રાન્ચ મેનેજર, બેંક ઓફ બરોડા, સોજીત્રા બ્રાન્ચ, સોજીત્રા દ્વારા કરવામાં આવેલ.







